Chapter 11



## પ્રકરણ: ૧૧

## ન્હાનાલાલ તથા બળવંતરાય ઠાકોર

: ૧:

### ન્હાનાલાલ

"કવિ તે ચળવળકાર નથી. કવિનો ધર્મ આંબાવાડિયાં વાવવાનો છે, કેરીઓ વેચવાનો નથી. કવિ "ફન્ડામેન્ટલ્સ" ઉચ્ચારે, "પ્રોપેગેન્ડીસ્ટ" ન થાય." ૧

ન્હાનાલાલનું ઉપર્યુકત સામાન્ય વિધાન એમની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતા માટે વિશેષે પ્રયોજી શકાય એવું છે. સંસારસુધારાકાળના કવિઓ ચળવળકારો જેવા લાગે છે. એમાં યુગસંજોગોયે જવાબદાર ખરા. જ્યારે પંડિતયુગના કવિઓમાં પ્રચારલક્ષિતાનું તત્ત્વ ક્રમશ: ઘટતું જણાય છે. એમાં ય ન્હાનાલાલ જેવા કવિ તો કોઇ પ્રાસંગિક ઘટનાને કવિતામાં નિરૂપતા હોય છે, :દા.ત. મહારાજ એડવર્ડનું તખ્તારોહણ, રાજ યુવરાજ જ્યોર્જનું હિન્દમાં આગમન: ત્યારે પણ રાજ્ય તથા પ્રજા વચ્ચેના સંબંધો વિશેનાં કેટલાંક પાયાનાં ઉચ્ચારણો કરી લે છે. કવિની નજર જેટલી પ્રાસંગિકતા ઉપર નથી મંડાયેલી તેટલી ચિરંતનતા ઉપર મંડાયેલી છે. દેશભકિતના વિષયને પ્રાસંગિકતાના સ્તર ઉપરથી ઊંચકીને ચિરંતનતાના સ્તર ઉપર મૂકી શકવાની ન્હાનાલાલ પાસે કવિપ્રતિભા છે. ૧૯૧૧માં બ્રિટનના સમ્રાટ જ્યારે પહેલી વાર ભારતમાં આવ્યા ત્યારે કવિએ રચેલા એક સત્કારકાવ્ય-માંથી એનું એક દૃષ્ટાંત લઇએ:

"સૂર્ય અને ચન્દ્ર બે નેત્રો જેવાં મહાવિરાટનાં,
રાજા અને પ્રજા એવાં નેત્રો બે રાજ્યદેહનાં,
રાજાપ્રજાના ઉરમેળ જ્યહાં હશે,
સંવાદી વીણા ગીત ગેબી ગુંજશે."

-: "રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ અને રણગીતો," પૃ. ૭: +

+પ્રસ્તુત કૃતિના નામનો ટૂંકો નિર્દેશ હવે પછી "રાજ." એ રીતે કર્યો છે.

ઉપર્યુક્ત કૃતિમાં ઉચ્ચારવામાં આવેલી રાજકીય ભાવનાઓ "વ્યક્તિ ભાવનાઓ ન હતી, પ્રજા ભાવના હતી: પ્રાસંગિક ભાવનાઓ ન હતી, યુગ ભાવનાઓ હતી" :"રાજ" પૃ. ૮:, એવા ન્હાનાલાલના કથનમાં અતિશયોક્તિ નથી, પરંતુ પૂરેપૂરી વાસ્તવિકતા છે. કવિશ્રીના મનમાં રાજા-પ્રજાની સમાનતાનો ખ્યાલ રમે છે. પરંતુ જ્યાં પ્રજામાં જ રાજકીય સાર્વભૌમત્વનું આરોપણ કરવામાં આવ્યું હોય એવા પ્રજાતંત્રનો આગ્રહ ૧૯૧૧ સુધીમાં રચાયેલી "રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ"માં દેખાતો નથી. લોકશાહી સ્વાતંત્ર્યનો ખ્યાલ ન્હાનાલાલ હવે પછી રજૂ કરવાના હતા. "ઇન્દુકુમાર" અંક-૨ :૧૯૨૭:માં પ્રજારાજ્યનો ખ્યાલ ન્હાનાલાલે રજૂ કર્યો છે. "પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ" :૧૯૪૩:માં પણ ન્હાનાલાલે કહ્યું હતું:

" હરિવર, એવું રચો જગતન્ત્ર,  
પૃથ્વીની પ્રજા પ્રજા હો સ્વતંત્ર."  
..લોકશાહીનો જયનો ઝુંડો ફરકો દેશ દેશ"

:પૃ. ૩૬-૩૭:

પરંતુ કવિએ ૧૯૧૧ પહેલાંય એટલું તો ઇચ્છ્યું હતું કે બ્રિટન એમ્પાયર :સામ્રાજ્ય: મટીને કોમનવેલ્થ :"મંડળ મહારાજ્ય": બને તથા હિન્દને ઓસ્ટ્રેલિયા, કેનેડા જેવું "ડુમીનીઅન સ્ટેટસ" આપવામાં આવે. બ્રિટનની સમાનકક્ષાએ હિન્દને મૂકવામાં આવે તથા મહારાજ્યકુળનું એ સમોવડિયું કુટુંબીજન બને એવો આગ્રહ પણ ન્હાનાલાલે સેવ્યો હતો. એટલે જ કવિએ રાજયુવરાજને ૧૯૦૫ માં પૂછેલું:

"હિન્દ અને બ્રિટાનિયાને  
જમણા ને ડાબા નયન જેવાં ગણશો ને?  
મહારાજ્યકુળનું હિન્દ કુટુંબી કે નહિ?  
ને કુલજનને રોટલો દેશો કે પત્થર?" :"રાજ". પૃ. ૨૫:

પૂર્ણ સ્વરાજ્યની ભાવના જે કાળમાં પ્રગટી નહોતી તથા જે કાળમાં હિન્દ પ્રત્યે "કોલોની"ના જેવો વ્યવહાર કરવામાં આવતો હતો તે સમયે :૧૯૦૫માં: હિન્દ અને બ્રિટન વચ્ચે કેવા સંબંધો વર્તમાન તથા ભવિષ્યમાં

રહેવા જોઇએ એ વિશે ન્હાનાલાલે કેટલાંક સ્પષ્ટ ઉચ્ચારણો કરેલાં છે:

"હિન્દ અને બ્રિટાનિયા વ્હેનોનું
વર્તમાન કુશળ ને ભાવી કલ્યાણ
અખંડ બેલડીએ વિચરવામાં છે." : "રાજ" પૃ. ૨૬:

"રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ"માંનું ભવિષ્ય વિશેનું ન્હાનાલાલનું આવું સ્પષ્ટ રાજકીય દર્શન માન પ્રેરે એવું છે.+ ૧૯૦૫ માં જ ભારતને ગુલામ દેશ તરીકે નહિ પણ એક બ્રિટનસમોવડિયા રાષ્ટ્ર તરીકે કવિ જોતા થઇ ગયા હતા. બ્રિટન અને હિન્દ "અખંડ બેલડીએ" નહિ વિચરે – અર્થાત્ બ્રિટન હિન્દને ગુલામીમાં જ સબડવા દેવાના શાહીવાદી મનોરથો સેવતું રહેશે તો બ્રિટનને નસીબે કયાં ભોગવવાનાં રહેશે એવા ચેતવણીરૂપ સત્યને કવિએ પ્રિયકર રીતે કહ્યું છે:

"ખ્રીસ્તનો ઉપદેશ તો સ્મરણે હશે:
જેવું વાવશો, ત્હેવું લણશો:
વિશ્વાસના કણ વિશ્વાસના ફાલે ઉગવશે." : "રાજ" પૃ. ૨૬, ૧૯૦૫:

લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડવાને કારણે પ્રજામનમાં ઊભી કરેલી કડવાશ હજુ તાજી જ હતી. એટલે કવિશ્રી એક લોકકલ્યાણહિતસ્વી "રાજહૃદય વાઇસરોય" મોકલવાનું યુવરાજને કહે છે. બ્રિટન સાથેના વ્યવહારમાં સ્વમાનનું તેજ અને સમાનતાની ભાવના દાખવવાનું વલણ ન્હાનાલાલમાં કવનના પ્રારંભકાળથી જ જોવા મળે છે. આ વલણની પીઠિકા તરીકે ૧૯મી સદીના અંતની તથા ૨૦મી સદીના આરંભની રાજકીય પરિસ્થિતિને જોઇ શકાય. શ્રી. ર. વ. દેસાઇએ એ પીઠિકાનું આવી રીતે વર્ણન કર્યું છે: "રેન્ડ અને આયર્સ્ટનાં ખૂન, ચાંપેકર ભાઇઓની શિક્ષા, ટીળકની ઉગ્રતા, પ્લેગ અટકાવવા માટેના જુલમો,... લોર્ડ કર્ઝનના જહાંગીરી સ્વભાવમાંથી પરિણામ

---

+ ૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીયે હિન્દે બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં રહેવાનું ઇષ્ટ ગણ્યું હતું, હિન્દ-બ્રિટનના સહયોગમાં ઉભયનું કલ્યાણ રહેલું છે, એવું ન્હાનાલાલે રજૂ કરેલું ભાવિદર્શન અદ્યાપિપર્યંત તથ્યાંશવાળું જણાયું છે.

પામેલો બંગભંગનો પ્રસંગ, બંગભંગના વિરોધમાંથી ફાટી નીકળેલી ક્રાન્તિકરી ચળવળ તથા રશિયા જાપાનના યુધ્ધમાં જાપાને મેળવેલો વિજય: આ સર્વ પ્રસંગપરંપરાએ હિંદના રાષ્ટ્રીય ધડકારને વેગવંત બનાવ્યો.. અને ઈંગ્રેજોના સંબંધમાં કલ્પાતા હિંદના ઉધ્ધારના ઇશ્વરી સંકેતમાં સંશયો ઉપજે એવાં કૃત્યો નોંધાવા લાગ્યાં." [2] જો કે, એમ કહેવું જોઇએ કે બંગાળના ભાગલા પડયા પછી દેશનો રાજકીય દ્રષ્ટિએ જાગૃત ગણાતો વર્ગ જ્યારે ક્ષુભિત થઇ ગયો હતો, સ્વરાજ્ય, સ્વદેશી, રાષ્ટ્રીય શિક્ષણ તથા બોયકોટ-એ સમયના રાષ્ટ્રીય આંદોલનના આ ચતુર્વિધ મંત્રોથી દેશના બંગાળ, પંજાબ તથા મહારાષ્ટ્ર જેવા પ્રાંતો ગુંજતા હતા, ત્યારે એ ભાવનાઓનો, જે રીતે ગાંધીજીની આઝાદીની લડતનો ગુજરાતી કવિતામાં પડઘો પડ્યો હતો તે રીતે પંડિતયુગની કવિતામાં પ્રત્યક્ષ પડઘો પડતો હોય એવું જણાતું નથી. બંગાળના ઉદ્દામ રાષ્ટ્રવાદની અસર તો બાજુએ રાખીએ, પણ પડોશી મહારાષ્ટ્રના ટિળકની વિચારસરણિ તથા કાર્યપ્રવૃત્તિની કોઇ નોંધપાત્ર પ્રત્યક્ષ અસર ગુજરાતના એ કાળના ગણનાપાત્ર કવિઓમાં દેખાતી નથી. એના છુટાછવાયા પ્રડધા ગુજરાતી કવિતામાં પડયા છે, પણ એનો કોઇ પ્રવાહ બંધાયો નથી. એમ તો ૧૯૦૫ ની બંગભંગની "જબરદસ્ત હિલચાલ"ના પ્રભાવ નીચે "ઇન્દુકુમાર"-૧ :૧૯૦૯: લખાયું હતું એવું શ્રી. વિજયરાયે "ગત શતકનું સાહિત્ય"માં સૂચવ્યું છે. :પૃ.૭૪: પરંતુ ગુજરાતની શિષ્ટ કવિતા ઉપર એ પ્રબળ હિલચાલની કોઇ ગણનાપાત્ર અસર નથી પડી એ હકીકત છે. વળી, ન્હાનાલાલના "ઇન્દુકુમાર"-૧ માં તેમ અન્ય કૃતિઓમાં એમની રાષ્ટ્રીય અસ્મિતા બહુધા સાંસ્કૃતિક ગૌરવ રૂપે પ્રગટ થાય છે, ઉદ્દામ રાષ્ટ્રવાદ રૂપે પ્રગટ નથી થતી, તેય ખુલ્લું છે.

"રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ"માં બ્રિટન તરફનો કવિનો સદ્ભાવ-આદરભાવ વ્યકત થાય છે. વિદેશી સલ્તનત તરફ કવિએ તુચ્છકારની વૃત્તિ સેવી નથી. પરંતુ એમાં રાજસત્તાને આજીજી કરવાનો કે રાજકર્તાને રીઝવવાનો પણ મનોભાવ દેખાતો નથી. હિન્દ અને બ્રિટન સમાનભૂમિકાએ વિચરવા જોઇએ એવી કવિની આત્મગૌરવભરી માન્યતા એમાં વ્યકત થયેલી છે. ભારતની પ્રાચીન મહતાનું કવિને યથાર્થ રીતે ગૌરવ છે: "પ્રજાઓનું હિન્દ

મહાતીર્થ છે" : "રાજ" પૃ.૨૪: "પૃથ્વીજૂના" ભારત પાસેથી પણ બ્રિટને કંઇક પામવા જેવું છે એવી, પૂર્વ અને પશ્ચિમના સમન્વયમાં શ્રધ્ધા ધરાવનાર કવિને, એક પ્રતીતિ છે. ભારત પ્રત્યે બ્રિટન ન્યાયયુકત, સ્નેહમય વ્યવહાર દાખવે તથા બન્ને રાષ્ટ્રો પરસ્પરપૂરક બની રહે એવી કવિની અપેક્ષા છે. ભારત પ્રત્યે બ્રિટન ન્યાયયુકત વ્યવહાર દાખવશે એવી કવિની આરંભની શ્રધ્ધા, જો કે, ધીમે ધીમે ઓસરતી ગઇ છે. પ્રથમ વિશ્વયુધ્ધના અંત પછી એકંદરે સમગ્ર ભારતીય પ્રજામાનસમાં બ્રિટન પ્રત્યેના શ્રધ્ધાના ભાવ કરતાં બ્રિટનના ઇરાદાઓ વિશેનો આશંકાનો ભાવ વિશેષ ને વિશેષ દૃઢ થતો દેખાય છે. લોકહૃદય બ્રિટનમાંથી શ્રધ્ધાના ભાવથી વિમુખ થતું જતું હતું એને કારણે ગુજરાતી કવિઓ પણ બ્રિટિશપ્રશસ્તિનાં ગીતો પાછળથી ગાઇ શકયાં નથી અને જો કોઇએ ગાયાં હોય તો એ શિષ્ટ પદને પામ્યાં નથી. ૧૯૨૧ માં બ્રિટનના રાજયુવરાજનું ભારતમાં આગમન થયું એ પ્રસંગે એક મિત્રે ન્હાનાલાલને પૂછયું હતું કે આ વેળા સત્કારનું કાવ્ય લખશોને? ભૂતકાળના આવા જ પ્રસંગોએ રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ રચનાર કવિએ જવાબ વાળ્યો: "આગળનાં મ્હારાં કાવ્યોનો "શાંતિમય અસહકાર" કરવામાં આવ્યો છે. માટે દિલગીર છું."[3] ૧૯૧૧ સુધીમાં રચાયેલાં ન્હાનાલાલનાં ત્રણ કાવ્યોમાં વ્યકત કરવામાં આવેલી હિન્દી પ્રજાની રાજકીય ભાવનાઓ ૧૯૨૧ સુધી અણસિધ્ધ રહી હતી એ કારણે ન્હાનાલાલે આવો જવાબ વાળયો હતો. એ ઉપરાંત શ્રી. રા. વિ. પાઠક કહે છે એ પ્રમાણે, "...જાણ્યે અજાણ્યે પણ, કવિ, લોકમાનસમાંથી પ્રતિધ્વનિ મળે તેવા ભાવો જગાઇ શકે છે."[4] રોલેટ એકટ તથા જલિયાંવાલા બાગના અનુભવો પછી, ભારતીય પ્રજામાનસમાંથી બ્રિટન પ્રત્યે સહાનુભૂતિનો ભાવ જન્મે એ અશકયવત્ હતું. પરિણામે, દલપતરામથી શરૂ થયેલો રાજ્યભકિતનાં ગીતોનો પ્રવાહ ગુજરાતી કવિતામાં "સરસ્વતીના પ્રવાહની પેઠે અધવચ લુપ્ત થયો છે."[5]

ન્હાનાલાલે જુદા જુદા પ્રસંગોએ લખેલાં કેટલાંક રણગીતોને "રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ"અને રણગીતો" માં એકત્ર કરીને મૂકવામાં આવ્યાં છે. "રાજસૂત્રો-નો કાવ્યત્રિપુટિ અને રણગીતો"ની ૧૯૨૨ ની આવૃત્તિની પ્રસ્તાવનામાં ન્હાનાલાલે કરેલી નોંધ મુજબ, બારડોલીનો "ભારતીય પ્રજાયજ્ઞ",ભારતનો અદ્વિતીય અહિંસક સંગ્રામ, પ્રથમ વિશ્વયુધ્ધ ઇ. પ્રસંગોને અનુલક્ષીને કેટલાંક રણગીતો રચાયાં હતાં. ભારતના ઇતિહાસની અમુક ઘટનાઓને અનુલક્ષીને એ ગીતો ભલે રચાયાં, પ્રાસંગિકતાનું તત્ત્વ એમાં નહિવત્ છે. પરાધીનતાના સમયે કે સ્વાધીનતાના સમયે, શકુનની ઘડીઓ,સાચના સીપાઇ, ચલો! કુન્તાસંદેશ જેવાં કાવ્યો પ્રજાને સરખાં જ ભાવે એમ છે."કુરુક્ષેત્ર", કાંડ-૨ના ગીત "કુન્તાસંદેશ"નું એક ઉદાહરણ લઇએ:

"પાર્થને કહો ચ્હડાવે બાણ, હવે તો યુધ્ધ એ જ કલ્યાણ,
..ભી પ્યાં,ભટક્યાં, વિષ્ટિ વિનવણી,-કીધાં સુજનનાં કર્મ,
આર્ય સુજનતા દૈન્ય ગણી તો યુધ્ધ એજ યુગધર્મ.":"રાજ"પૃ.૭૧:

અંગ્રેજો સામેના ધર્મયુધ્ધ સમયની ભારતીય પ્રજાની મનોદશાને ઉપર્યુક્ત કાવ્ય જેમ સાકાર કરી શકે છે તેમ સ્વતંત્ર ભારત ઉપરના સામ્યવાદી ચીનના આક્રમણ કાળની ભારતીય મનોસ્થિતિનો હૂબહૂ ચિતાર પણ એ આપી શકે છે. "સત્ય શીલ ને ધર્મયજ્ઞમાં હજો વિશ્વ વિધ્વંસ"- એવા કુન્તાસંદેશમાં સાત્ત્વિક શૌર્યભાવમાંથી જન્મતા એક ચિરંતન મનોભાવની જ છબી આલેખાયેલી લાગે છે.

કવિને મન આઝાદી માટેનું યુધ્ધ એક અહિંસક ધર્મયુધ્ધ હતું.[6] કવિના એ ભાવને કેવી "મનોહર સરળતા"પૂર્વક નીચેની પંક્તિઓ વ્યક્ત કરે છે !

"સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં?
મૃત્યુમાં અમૃતને ઓળખો છો.
શાન્ત છો, દાન્ત છો, ધીર છો, વીર છો,
સુભટ છો સજ્જ નિ:શસ્ત્રતાથી." :"રાજ"પૃ.૬૨:

ન્હાનાલાલની કવિતામાં ભારતીય સંસ્કૃતિનાં કેટલાંક સનાતન મૂલ્યોનું સુભગ ઉચ્ચારણ થયેલું છે. કવિ માને છે કે ભારતનો સાચો વિજય એની સ્થૂળ સીમાઓને વિસ્તારવામાં નથી રહેલો, પરંતુ જગતની આત્મશક્તિને સમૃધ્ધ

બનાવવામાં જ રહેલો છે. એ માટે પુરુષાર્થરત થવાનું આવાહન કવિ ભારતને આપે છે:

"ઉઠ, ઓ ભરતગોત્ર! તુજ વાટ
જૂવે જો! જગત કાળને ઘાટ.
..પૃથ્વીના ભર તું આત્મભંડાર
ભરતકુળ! એ તુજ જયજયકાર." :"રાજ" પૃ. ૪૯-૫૦:

"રાજર્ષિ ભરત" :પ્ર.આ.૧૯૨૨: મા એ જ વાત કવિએ જુદીરીતે કહી છે:

"પરભોમની વાડીઓ વેડવી,
આર્યોનું એ ધર્મકર્મ નથી." :પૃ. ૨૩૪:

ભારતના આત્મારૂપ એની સંસ્કૃતિશ્રીનું ભાવસભર ગાન કવિશ્રીએ વિવિધરીતે ગાયું છે:

"કોણ નહીં ગાશે તુજ ગુણગાથા? ભરતભૂમિ!
.. પ્રાચીનો મહીં તું પ્રાચીન, નવીનો મહીં તું નવીન.
યુગયુગથી સદાનીયે સજીવન, હો ભરતભૂમિ!
:"રાજર્ષિ ભરત"પૃ. ૪૩:

ભારત દ્વારા "પૃથ્વીના... આત્મભંડાર"ને સમૃધ્ધ કરવા માગતા તથા જગતને "પુણ્યજીવનના રાસ" શિખવવા ઇચ્છતા કવિમાં દેશભકિતનું સંકુચિત ઝનૂન ન હોય તે સ્વાભાવિક છે. જગતમાં બનેલા નાના મોટા પ્રસંગોનો પડઘો ન્હાનાલાલની કવિતાએ પાડયો છે, પણ કવિનું એકંદર વલણ તો "સુસાત્ત્વિક વન્દનીય," "પ્રાચી વિશે વિચરતા" અમ સૂર્યદેશ ભારતની સંસ્કૃતિના ઉતમ સત્વને, આજુબાજુના કોલાહલોથી પર બનીને, સજીવ કરવાનું રહયું છે.[૭] ચિરંતનતા ઉપર, નહિ કે પ્રાસંગિકતા પર, કવિની મીટ મંડાયેલી છે. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુધ્ધનો પ્રારંભ થયો. એ પહેલાં ૧૯૧૧માં પ્રસિધ્ધ થયેલ "રાજરાજેન્દ્રને" કાવ્યમાં કવિએ વિશ્વશાંતિ માટેની ચાહના વ્યકત કરેલી હતી, એમાં માનવની કેટલીક સનાતન એષણાઓનું સહજ ઉચ્ચારણ કરવાની કવિની શકિતનું એક ઉદાહરણ જોઇ શકાય. આર્ય સંસ્કૃતિનો શાંતિનો મહામન્ત્ર સમસ્ત નૃલોક ભવિષ્યમાં રટતો થશે, શાંતિના માર્ગે આગળ વધવામાં જ જગતનું કલ્યાણ છે, "દોરે છે

ઇતિહાસની પગથી સૌ રાજેન્દ્ર ! શાંતિ ભણી," એવું કવિનું આર્ષદર્શન હતું. એ દર્શનને રજૂ કરતી કેટલીક પ્રસાદગુણયુક્ત પંક્તિઓ:

"શોધે અમારાં સહુ શાસ્ત્ર શાન્તિને,
...એ છે મહામન્ત્ર સદાય આર્યનો,
થશે મહામન્ત્ર નૃલોક સર્વનો.
...શાન્તિના પન્થના પન્થી તેઓ જ પ્રભુપન્થી છે.
રાજ્ય રાજા પ્રજા સર્વે અન્યપન્થી વિપન્થી છે."
:"રાજ" પૃ. ૪૩-૪૪:

ન્હાનાલાલનાં રણગીતોમાં "દૃઢ સંસ્કૃતિવારસા"ના તથા કર્તવ્ય-નિષ્ઠાના બળે પ્રગટતો "મહાન સભર" વીરરસ માણવા મળે છે. એ વીરરસની કવિએ વિવિધરીતે નિષ્પત્તિ કરેલી છે. "કુન્તાસંદેશ", "આર્યધ્વજ" જેવાં કાવ્યોમાં પ્રાચીનકાળના પ્રસંગોને, "કેસરભીના કન્થ હો!" "કાઠિયાણીનું ગીત", "જય ક્ષત્રિયતીર્થ ચિતોડ", "જય! કેસરવીર રણધીર રમે" ઇ. કાવ્યોમાં મધ્યકાલીન રાજપૂત શૂરત્વને તથા "શુકનની ઘડીઓ", "સાચના સીપાઇ" વ. માં ન્હાનાલાલના જ કવનકાળમાં ખેલાયેલા અહિંસક સંગ્રામને વીરનું આલંબન બનાવવામાં આવેલ છે. આમ, પ્રાચીન, મધ્યકાલીન તથા અર્વાચીન, એ ત્રણેય જીવનકાળને રણગીતોના સર્જનમાં કવિ સમાન સુકરતાપૂર્વક આલંબન બનાવી શકયા છે. રણગીતોના સર્જનમાં "રસે ભરી રાજબાળ હોય હું તો વીરાંગના રે" એવી ભારતીય નારીને કવિ કેમ વિસરે? "કેસરભીના કન્થ હો!" તથા "કાઠિયાણીનું ગીત" -માં ન્હાનાલાલ જેવા કવિની જ કલમે નીપજી શકે એવાં, જોમવંત તળપદી ભાષામાં આલેખાયેલાં, કેટલાંક ઓજસયુક્ત ભાવચિત્રો મળે છે. ન્હાનાલાલનાં રણગીતોમાં "ખાલી બખાળા કે માત્ર ભૂતકાળનું પૂજન જ નથી. સાચો સાત્વિક વીરરસ- ગાંધીજીની અહિંસાને ખૂબ અનુકૂળ આવે એવો શિષ્ટતાભર્યો, છતાં પૂર્ણ નિર્ભયતાભર્યો ન્હાનાલાલ વ્યક્ત કરી શકયા છે." [8]

ન્હાનાલાલની કવિતાનું એક પ્રેરકબળ તે આર્ય સંસ્કૃતિ. ન્હાનાલાલ-ને મધ્યકાલીન ક્ષાત્રવીરત્વનું આકર્ષણ પણ ભારે. "આર્યોના આર્યત્વનો ઝૂંડો" દિશદિશમાં ફરકતો જોવાની કવિને આકાંક્ષા હતી. પરંતુ ~~આર્ય~~-

આર્યસંસ્કૃતિની મોહિની, હિંદુ તથા મુસ્લીમ સંસ્કૃતિના સમન્વયનો આદર્શ રજૂ કરવામાં, ન્હાનાલાલ માટે કદી બાધારૂપ નથી બની. ભારતીય સંસ્કૃતિની સંશ્લેષની ઉદાર પરંપરાઓ વિશેની ન્હાનાલાલની સમજણે સંસ્કૃતિ સમન્વય :"ગોત્ર સમાસ": ના આદર્શની રજૂઆત કરવા માટે એમને પ્રેર્યાં હોય તે સંભવિત છે. સંસ્કૃતિસમન્વયમાં શ્રધ્ધા ધરાવતા કવિ એક જ શ્વાસમાં યુધિષ્ઠિર અને અકબરનાં નામો સહજતાપૂર્વક ઉચ્ચારી શકે છે:

"સુહાવ્યું સિંહાસન એ યુધિષ્ઠિરે,
અને સુહાવ્યું ઉમદા અકબ્બરે,
ઇસ્લામ ને હિન્દુ જ એમ જોડલે
પુણ્યાક્ષરોથી ઇતિહાસમાં ખલે." :"રાજ"પૃ. ૩૫-૩૬, ૧૯૧૧:

આતો એક જ રાષ્ટ્રમાં અસ્તિત્વ ધરાવતી બે સંસ્કૃતિઓના સમન્વયની વાત થઇ. પરંતુ ન્હાનાલાલે તો "રાજર્ષિ ભરત"ના યોગીરાજ દ્વારા અન્ય દેશોના ઉત્તમોત્તમ સત્ત્વને ભારતની સંસ્કૃતિમાં સમાવી લેવાનો આદેશ આપ્યો છે. પૂર્વ અને પશ્ચિમના સમન્વયની તથા પરસ્પરપૂરકતાની ભાવનાએ કવિના મનમાં ઘણો વહેલો આકાર ધારણ કરી લીધો હતો:

"પૂર્વ પશ્ચિમ બે પાંખો છે રાજેન્દ્ર! નૃલોકની,
પરસ્પરને આધારે ઉડે છે પૃથ્વીપંખિણી" :"રાજ"પૃ. ૪૨, ૧૯૧૧:

પૂર્વ અને પશ્ચિમનાં ઉતમ સત્વોનો સમન્વય કરવાનું તથા પૂર્વ પશ્ચિમ વચ્ચે સમતુલા સિધ્ધ કરવાનું કાર્ય ભારતે બજાવવાનું રહેશે એવી નીચેની કવિ-વાણી ખરી ઠરે એવી સંભાવનાઓ સ્વતંત્ર ભારત માટે ઊભી થયેલી ગણી શકાય:

"પૂર્વ અને પશ્ચિમનાં પલ્લાંની
દાંડી ભારત છે,
ને ઉભય ગોલાર્ધની દૈવી સંપત્તિ
તોળશે તે નજીકના ભવિષ્યમાં." :"ઇન્દુકુમાર"-૧, પૃ. ૯૭, ૧૯૦૯:

પ્રથમ વિશ્વયુધ્ધ દ્વારા જગતને આક્રમક રાષ્ટ્રવાદનાં દુષ્પરિણામો જોવા મલ્યાં હતાં. જગત હિતાર્થે રાષ્ટ્રવાદને અંકુશિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય દષ્ટિ ખીલવવાની જરૂર ઊભી થશે જ, એવું ભાવિમાં આરપાર જોતી ન્હાનાલાલની દષ્ટિને પ્રથમ વિશ્વયુધ્ધ પૂરું થયું કે તરત જ સમજાઇ ચૂકયું હતું એ નોંધપાત્ર છે. "રાજર્ષિ ભરત" :પ્ર.આ.૧૯૨૨:માં ભરતને એટલે જ યોગીરાજ આદેશે છે:

"દેશ દેશના - પ્રજા પ્રજાના ખંડ
પરમાત્માએ પાડેલા નથી,
એ દિવાલો રાજદ્વારીઓએ રોપેલી છે.
...મનુષ્યજાતિને એક માનજે, એક કરજે." :પૃ.૮૮-૮૯: ૯

પ્રથમ વિશ્વયુધ્ધ પહેલાં પણ, વીસમી સદીના પરોઢની જ્યારે ટશરો ફૂટતી હતી ત્યારે, ૧૯૦૫માં, સમસ્ત જગતની માનવજાતિનું એક સુસંવાદી "કલ્યાણ કેન્દ્ર જગતસામ્રાજ્ય" સ્થાપવાની કવિકલ્પના આજે પણ સાનંદાશ્ચર્ય ઉપજાવે એવી લાગે છે, :જૂઓ "રાજયુવરાજને" ૧૯૦૫,"રાજ" પૃ.૨૮:. "લીગ ઓફ નેશન્સ" તથા "યુનો" જેવી સંસ્થાઓની સ્થાપનાની દિશામાં :જેમાં રાજ્ય તથા રાજ્ય રાજ્યના "શ્રધ્ધા સંકલન"માંથી જન્મેલ મહારાજ્યનાં લટિયાં એક જગતરાજ્યમાં ગૂંથાઇ ગયેલાં હોય: દુનિયા આગળ વધી રહી છે એવું ૧૯૦૫માં જોઇ શકનાર ન્હાનાલાલ વિશે ૨.વ.દેસાઇએ યથાર્થ જ કહ્યું છે: "રાષ્ટ્રીયતા જગતસંસ્કારના સમન્વયમાં પરિણામ પામવા સર્જાઇ છે એ સત્ય તેમણે વીસમી સદીના પહેલા દસકાથી જોયું છે...ગાંધીયુગનીયે બહુ પહેલાંના આ જગતઐક્ય-સંસ્કાર-ઐક્યનાં દર્શન અને આંતરરાષ્ટ્રીય જીવન સાથે રાષ્ટ્રીય જીવનનો અભેદ સમજનાર સમજાવનાર કવિને ખરેખર એક દ્રષ્ટા જ કહી શકાય." ૧૪ કવિને કાળની વહીના વાચનમાંથી આ દર્શન પ્રાપ્ત થયું છે. એ દર્શન છે- જગતકલ્યાણ. "રાજર્ષિ ભરત"માં ન્હાનાલાલેને કવિ, સંન્યાસી, સંસારી તથા રાજ્યકર્તાનું ધ્રુવલક્ષ્ય એક જ જણાયું હતું- જગતકલ્યાણ.

"ઇન્દુકુમાર" ૨ માં :પ્ર.આ.૧૯૨૭: જોગણે બહુ સ્પષ્ટ રીતે ભારતની સ્વતંત્રતાની આગાહી કરી છે. જે સમયે મોટા ભાગના ભારતીય રાજપુરુષો

ભારતના અંતિમ લક્ષ્ય તરીકે સ્વાતંત્ર્યપ્રાપ્તિને જોતા હતા તે સમયે ન્હાનાલાલે તો પ્રજારાજ્યની પ્રાપ્તિને ભારતના એક ટૂંકાગાળાના ધ્યેય તરીકે જ જોયું હતું. ભારત વિશે ખૂબ દૂરના ભવિષ્ય સુધી ન્હાનાલાલની દ્રષ્ટિ જોઇ શકે છે. ભારતના તથા માનવજાતિના કલ્યાણના કોઇ ટૂંકાગાળાના લક્ષ્ય પર નહિ, પણ એના અંતિમ તથા સનાતન કલ્યાણના લક્ષ્ય ઉપર ન્હાનાલાલની નજર હંમેશાં નોંધાયેલી રહી છે. એમની દ્રષ્ટિ જેટલી આજની નથી તેટલી આવતી કાલની છે.

"ભારત પ્રજારાજ્ય વાંછે છે.
સહુ મહાપ્રજાઓ પ્રજારાજ્ય પામશે.
ભારતની મહાપ્રજાયે પ્રજારાજ્ય પામશે.
વિશ્વવ્યવસ્થાનાં વિધિનાં નિર્માણ છે એ.": ઇન્દુકુમાર-૨, ૬૨:

આટલું દ્દઢ પ્રતીતિપૂર્વક કહયા પછી કવિ ભારતનું "અનંતનું ધ્યેય" દર્શાવે છે:

"પ્રજારાજ્યે મહાપ્રજાનું સર્વસ્વ નથી,
...પ્રજારાજ્ય તો એનું આજનું ધ્યેય.
જોગીઓ જુદુંજ ભાખે છે
એનું અનન્તનું ધ્યેય." :ઇન્દુકુમાર-૨, ૬૨-૬૩:

એ ધ્યેય કયું?

"સાગરનો જીવનમન્ત્ર છે સરિત્ સમન્વય,
ભારતનો જીવનમન્ત્ર છે સંસ્કૃતિ સમન્વય." :એ જ, પૃ. ૬૫:

કવિશ્રીની નિતાંત આશાવાદી દ્રષ્ટિ સમક્ષ ભવિષ્યના જગતનું એક ચિત્ર રહેલું છે:

"જગત સંસ્કૃતિઓના મહાસમન્વય ઉપર
સ્થપાશે ભાવી જગતનાં માનવમન્દિરો." : એ જ, ૬૯:

પ્રજારાજ્ય મેળવવા કરતાં સંસ્કૃતિઓની સમન્વય સિધ્ધ કરવાનું ભારતકાર્ય કવિને પારતંત્ર્યકાળ દરમિયાન પણ મહાન લાગ્યું હતું. ભારતની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પહેલાં જ રાષ્ટ્રીયભાવની મર્યાદા કવિ પારખી ગયા હતા. કવિની

દષ્ટિએ કદી નીચાં નિશાનો તાક્યાં નથી. થોડે એ રીઝી નથી તથા સાંપ્રતની આળપંપાળોમાં એ અટવાણી નથી એનું આ એક નિદર્શન છે. કવિને રાષ્ટ્રીયત્વમાં તોષ નથી, આંતરરાષ્ટ્રીયત્વ પર એમની દષ્ટિ સ્થિર થયેલી છે. રાષ્ટ્રીયત્વનું કાર્ય આખરે તો મર્યાદિત છે:

"તન્દ્રા નિદ્રા જડતા જ્હાં જામ્યાં હોય,
ત્ય્હાં રાષ્ટ્રીયત્વની વીજળીઓ પ્રેરજો."

પરંતુ એક વખત "તન્દ્રા નિદ્રા જડતા"ને ભગાડવાનું રાષ્ટ્રીયત્વનું કાર્ય સિધ્ધ થયું કે – "રાષ્ટ્રીયત્વની જ્વાલાઓ જ્હાં ઝબૂકતી હોય,
ત્ય્હાં આન્તરરાષ્ટ્રીયત્વના મેઘ છાંટજો.
પ્રજાપરીધથી મનુવંશ સદા મ્હોટો છે.
...પ્રજાત્વભાવની અવધિઓ ન ઓળખી
એ મહાપ્રજાઓ પૃથ્વીપડમાંયે નથી આજ." :એ જ, પૃ. ૭૪:

કવિને ભારત પ્રત્યે અપાર પ્રીતિ છે, પણ કવિની દષ્ટિ ભારતમાં જ સીમિત થઇને નથી રહેતી. ભારતને વળોટીને આંતરરાષ્ટ્રીયત્વના સીમાડાઓને એ સ્પર્શી રહે છે. ન્હાનાલાલની રાષ્ટ્રવિષયક અસ્મિતાનાં બે સ્વરૂપો છે: એક, અલબત્ત, રાષ્ટ્રીય તથા બીજું એના જ નૈસર્ગિક વિસ્તરણ જેવું આંતર-રાષ્ટ્રીય. જેમ કવિની ગુજરાતપ્રીતિ કવિના રાષ્ટ્રીયભાવને, તેમ કવિનો રાષ્ટ્રીયભાવ એમના આંતરરાષ્ટ્રીય ભાવને છાવરી દેતો નથી, પણ પરિપૂષ્ટ કરે છે. એમ પણ કહી શકાય કે વિશ્વહિતના હાથીપગલામાં ભારતહિતનું પગલું સમાવિષ્ટ થયેલું એમને દેખાયું હતું. રાષ્ટ્રીયજીવનનો આંતરરાષ્ટ્રીયજીવન સાથે અભેદ સર્જાવો જોઇએ એમ વીસમી સદીના છેક પ્રારંભમાં જ્યારે ન્હાનાલાલે કહ્યું ત્યારે સંભવ છે કે એ વાત ભાવનાવિહારીની કલ્પનામાં ખપી હોય. પરંતુ એ ભાવનાવિહાર ન હતો, જેની આવશ્યકતા અનુભવવી પડે એવી વાસ્તવિકતાયે એ હતી, તે બીજા વિશ્વયુધ્ધ પછી તો સવિશેષ સ્પષ્ટતાપૂર્વક સમજાયું.

પૃથ્વીના કલ્યાણ-અકલ્યાણ વિશેના વિચારો "ઇન્દુકુમાર"-૨ :૧૯૨૭: માં ન્હાનાલાલે રજૂ કર્યા છે:

"જગતને ઓલે રહેલી મહાપ્રજાઓના
રાષ્ટ્રીયત્વ ને આંતરરાષ્ટ્રીયત્વનાં પલ્લાં
સમતોલ રહે તે પૃથ્વીસમતા:
નહીં તો પૃથ્વીસંગ્રામ." :પૃ. ૭૩:

એ પલ્લાં સમતોલ ન રહયાં અને બીજો પૃથ્વીસંગ્રામ મંડાયો તે આપણે જાણીએ છીએ. "પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ" :૧૯૪૩: માં કવિએ બીજા વિશ્વયુધ્ધના એક કારણ તરીકે "રાષ્ટ્રીયત્વના ધમંડ"ને યથાર્થ રીતે જ ગણાવેલ છે. દેશવેશ તથા પ્રજાત્વ ધમંડને વિસરી માણસ અખંડ અવિચ્છિન્ન માનવતામાં રમતો થાય એમાં જ જગતનું કલ્યાણ રહેલું છે એવી કવિ-પ્રતીતિમાં એક સનાતન સત્ય રહેલું છે. બીજા વિશ્વયુધ્ધ પહેલાં કવિએ રજૂ કરેલો જગતસંસ્કૃતિના સમન્વયનો ખ્યાલ કોઇ સ્વપ્નદષ્ટા કવિનો ધૂની આદર્શવાદ નહોતો. ભવિષ્યમાં ડગલે ને પગલે અનુભવવી પડે એવી કઠોર વાસ્તવિકતા વિશેનું એ ક્રાન્તદર્શન હતું. ન્હાનાલાલ જેવા એકલ-વિહારી કવિનો આ મુગ્ધ ભાવનાવાદ નહોતો. એ ભાવનાઓને લોર્ડ એક્ટન તથા પ્રોફે. હેરલ્ડ લાસ્કી જેવા પ્રસિધ્ધ રાજ્યશાસ્ત્રવેત્તાઓનું સમર્થન મળી રહે છે.+ પ્રોફેસર લાસ્કીએ ૧૯૩૨માં એક પ્રવચનમાં કહેલું:

"We must learn to think internationally or we perish- that, I suggest, is the clear alternative before us." [11]

પ્રજાપરીધથી મનુવંશ સદા મ્હોટો છે, એ ભાવનાનું બીજા વિશ્વયુધ્ધ સમયે જ્યારે વિસ્મરણ થતું કવિએ જોયું, પરપીડક ઝનૂની રાષ્ટ્રવાદને નિરંકુશ મહાલતો જ્યારે કવિએ જોયો, ત્યારે એમણે વિષાદયુકત વાણી ઉચ્ચારી હતી: "માનવી! શી આ ઝૂંટમઝૂંટ?
અવનીનાં અક્ષયપાત્ર અખૂટ." :"પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ" પૃ. ૩૯:

ભારત વિશેની કેટલીક દઢ પ્રતીતિઓનું ઉચ્ચારણ કવિએ એમના કવનના પ્રારંભકાળમાં જ કર્યું હતું. ભારતને કવિએ "અધ્યાત્મખંડ"તરીકે ઓળખાવ્યો છે.

---

+ ન્હાનાલાલે પ્રજાત્વભાવની મર્યાદાઓ વિશે ચેતવણી ઉચ્ચારી હતી. લગભગ એ જ સમય વિભાગમાં પ્રોફે. લાસ્કીએ એવાં જ મંતવ્યો પ્રગટ કર્યાં હતાં.

"એના વિજયટંકાર રક્તરંગી નથી
દેહના નહીં, પણ દેવી છે,
આત્માની પરમ શાંતિના છે.
...નથી અવનીને તલ, સુન્દરીઓ!
ભારત સમો બીજો [illegible] અધ્યાત્મખંડ."

:"ઇન્દુકુમાર"-૧, પૃ. ૯૬-૯૭:

સત્યના પાયા ઉપર અચલપ્રતિષ્ઠિત રહેલા ભારત વિશે કવિને શ્રધ્ધા છે: "આજ ભલે અન્યની હો, ભૂતની પેઠે ભવિષ્યે ભારતનું છે." :"ઇન્દુકુમાર"-૨, ૬૬: ન્હાનાલાલે ભારત વિશે કેટલીક વાર કવિસહજ અત્યુક્તિભરી પ્રશસ્તિઓ કરેલી છે. પણ એ ભાવમય અત્યુક્તિઓ તથ્યાંશ ઉપર આધારિત છે, એમ કહેવું જોઇએ.

ન્હાનાલાલમાં ઉદ્ઘોષવાક્યો : ડેક્લેમેશન્સ: બહુ મળે છે. ઉદાહરણ તરીકે, જગત સંસ્કૃતિઓનો મહાસમન્વય સાધવાનું કાર્ય એ ભારતનું યુગકાર્ય છે, એવાં ઉદઘોષવાક્યોનું ન્હાનાલાલે વારંવાર ઉચ્ચારણ કરેલું છે. પરંતુ એવી ભાવનાનો ઉદ્ઘોષ કર્યા પછી કવિ ખસી જાય છે. સંસ્કૃતિસમન્વય કઇ રીતે સિધ્ધ થવાનો છે, ભારત એમાં કેવું સક્રિય યોગદાન કરનાર છે, એ વિશે કવિ મૌન સેવે છે. એમ બની શકે કે સંસ્કૃતિ સમન્વયના ચિત્રને વિગતોમાં ઊતરીને નક્કર સ્પર્શક્ષમ સ્વરૂપ આપવાનું કદાચ એમને ઉદ્દિષ્ટ ન પણ હોય. પરંતુ એક વાત સ્પષ્ટ છે. દેશ પ્રત્યેની લાગણીની કુમાશ ન્હાનાલાલ કવિમાં જેટલી અનુભવાય છે તેટલી દેશ કે વિશ્વ વિશેની તત્ત્વપરામર્શક ચિંતનશીલતાનો અનુભવ થતો નથી.

આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવે ન્હાનાલાલની સ્વદેશભક્તિનું યથાર્થ તથા સૂક્ષ્મ મૂલ્યાંકન કરતી વેળાએ કહ્યું છે:"કવિ ન્હાનાલાલની સ્વદેશભક્તિ બળતા હૃદયની નથી, પણ તેજસ્વી દૃષ્ટિની છે... સ્વદેશભક્તિમાં કવિ સમાઇ ન જતાં સ્વદેશભક્તિ કવિમાં દીપી ઊઠે છે." [૧૨] ન્હાનાલાલની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં ઉંચી કોટિની કવિપ્રતિભા પ્રગટેલી દેખાય છે. એમની ઉદાર તથા ઊંડી સ્વદેશભક્તિ સાથે કવિતાનું સૌંદર્ય સંલગ્ન થયેલું છે. મોહક કવિત્વશક્તિ અને અભિજાત રાષ્ટ્રપ્રીતિનો જેવો સમન્વય ન્હાનાલાલમાં થયો છે તેવો કદાચ ગુજરાતી કવિતામાં અન્યત્ર ક્યાંય થયો નથી.

::૨::

## બળવંતરાય ઠાકોર

"સ્વદેશતણું ભૂત જીવન દિસે રહ્યું જે જતું,
સ્વદેશતણું ભાવિજીવન જણાય જે આવતું,
..ડૂબાડ કવિ તું બધાં કરણ સામટાં તેહમાં." :"ભણકાર"
પૃ. ૬ : ૧૩

કેવળ આત્મલક્ષી કવિ બનવાને બદલે, સ્વદેશના ભૂતકાળ અને ભવિષ્ય વિશે ચિત્તને લીન કરવાની – સર્વાનુભવરસિકતા કેળવવાની ઠાકોરે કવિને સલાહ આપી છે. સ્વદેશના ભૂતકાળ અને ભવિષ્ય વિશે ચિત્તનું આવું નિમજ્જન કરવાનું એક કવિકર્તવ્ય ઠાકોરે પોતે પણ સારી રીતે બજાવ્યું છે. "આરોહણ" :૧૯૦૦: કાવ્યમાં ગિરિશિખર ઉપર ચડતો કવિ ભૂતકાળની આર્યસંસ્કૃતિનો ગૂંજારવ સાંભળે છે. એ સંસ્કૃતિની વર્તમાન અવદશા જોઇને વિષાદ અનુભવે છે તથા ભાવિ વિશે ચિંતાતુર બને છે:

"રહ્યો શું પૂર્વજ મહાપ્રબલસત્વ આર્યોતણો
ત્રિકાલજિત ધર્મ, –ઘંટરવ મિષ્ટ આ કેવલ?
...જશે ગરવી આર્યજાતિ, બ્રહ્માની પુત્રી વડી?
...સમાજ પાર્થિવ નર્યો જ અથવા હશે શું ભાવિ તણો?"
:પૃ. ૩૨–૩૩:

આવી ચિંતા કવિએ વ્યક્ત કરી છે. પરંતુ અંતે તો "સકલસૂત્ર" હાથમાં રાખનાર વિશ્વનિયંતા પ્રત્યે શ્રધ્ધા રાખીને ભાવિ વિશે શાંતિ અનુભવે છે. "આરોહણ"કાવ્યનો હેતુ આર્યસંસ્કૃતિદર્શન કરાવવાનો છે. એ દર્શન કરાવતી વેળાએ કવિએ આર્યધર્મને "ત્રિકાલજિત" ધર્મ તરીકે ઓળખાવ્યો છે.+ કવિની નસોમાં "અચુત આર્યકુલપિતૃઓ"ના સંસ્કાર વહી રહ્યા છે. બ્રહ્માની વડી પુત્રી આર્યજાતિ વિશે એમણે ગૌરવનો ભાવ અનુભવ્યો છે. "ખેતી" :૧૯૦૦: કાવ્યમાં પણ તમામ સંસ્કૃતિઓમાં અદ્ય હયાત આર્ય સંસ્કૃતિનો વિકાસ

+ સરખાવો: "હ કાળનેયે અન્ત આવશે: ભરતગોત્ર અનન્ત ને અવિનાશી છે." –ન્હાનાલાલ, "યુગપલટો અને મહાસુદર્શન". પૃ. ૮૧: આર્ય સંસ્કૃતિના ઉજ્જ્વળ ભાવિ વિશે ન્હાનાલાલ જેટલા નિશ્ચિંત દેખાય છે તેટલા ઠાકોર દેખાતા નથી.

આલેખ્યો છે. આર્ય સંસ્કૃતિની અધિષ્ઠાત્રિ હિંદદેવી કહે છે:

"નવે ખંડની દેવીઓમાં બ્રહ્માએ હું પ્રથમ ઘડી,
સૌના બચપણની હું સાક્ષી..." :પૃ. ૧૪૧:

ઠાકોર ભૂતકાળની સમુજ્જ્વલ સંસ્કૃતિની પ્રશસ્તિ કરે છે. પરંતુ ત્યાં જ ઇતિશ્રી માનવાનું એમનું વલણ નથી. ભારતના ભૂતકાળમાં અહીંના કરતાં "મુકાબલે સંસ્કૃતિમાં ઉતરતા" મુસ્લીમો : મહમૂદ ગઝનવી, લંગડો તૈમૂર, ઇ.: નું "તિમિરદલ" ઉતર્યું હતું. એ તિમિરદલના આગમન પહેલાં હિંદુસ્થાન-માં જે પૌરૂષ પ્રવર્તતું હતું તેને ફરી પ્રવર્તાવવા માટે ઉદ્યુક્ત બનવા ભારત-વાસીઓને ઠાકોર ચેતવે છે. હિંદદેવી પોતાનાં બાલકોને શિખામણ આપે છે કે "વેળાસર નહીં ચેતો, સંસ્કૃતિમાંની ખામીઓ [illegible] પકડી, ઉચિત ઉપાયો નહીં યોજો તો ઉખડી જશો..." [14] ઠાકોર માને છે કે "બીજી કોઇ પુરાણી પ્રજા અહીંના પ્રાચીનકાલની આર્યપ્રજા જેટલાં ગૌરવ સાત્ત્વિકતા અને બુધ્ધિપ્રભાવના પુરાવા પોતાની પાછળ મૂકી ગઇ નથી.."[15] ઠાકોરને "ગરવી આર્યજાતિ"નું સાત્ત્વિક અભિમાન છે. પરંતુ "ઢાલની બીજી બાજૂ"ને એ છાવરવા નથી માગતા. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એ ચાહક છે, પણ અંધપ્રશંસક નથી. "આરોહણ"ની જેમ સંસ્કૃતિદર્શન કરાવતા એક કાવ્ય "ચોપાટીને બાંકડે" :૧૯૫૦: માં ઠાકોરે આર્યપ્રજાની મહત્તા તથા મર્યાદા, ઉભયનું, બયાન આપેલું છે. મર્યાદાઓ એમણે આ પ્રમાણે દર્શાવી છે:

"અડો ન, અળગા હટો! અમ વિશુધ્ધિ પોચી અરે
નરી બટકણી, રખે રૂઠી ત્રુટી ફૂટી એ જતી!
...ભર્યું મગજ બાકી આણું ગતકીર્તિ વ્યામોહથી,
અવાસ્તવિક ભૂત મ્હાતમકુલાશ- વાતે નર્યું."

:"ભણકાર" પૃ. ૬૫, ૧૯૫૧:

ઉપર્યુક્ત કાવ્યના વિવરણમાં ઠાકોર કહે છે કે દેશ વિદેશમાં સંસ્કૃતિપ્રસાર એ આપણા પૂર્વજોનું એક પરાક્રમ, એ સાચું, પરંતુ આપણે સૈકાઓ દરમિયાન એટલા તો દુર્બળ કે રક્ષણ માટે જ્યાંત્યાં કછોટા ભીડીને- ઠાકોરનો એક

લાક્ષણિક શબ્દ વાપરીને કહીએ તો "જંઘાબળ"નો આશ્રય લઇને ભાગેલા છીએ. આવા ભાગેડુઓ દ્વારા પણ આર્યસંસ્કૃતિનો ફેલાવો પરાણે સધાયો છે.[16] ઠાકોરના ભારત તરફના દ્રષ્ટિકોણમાં ભાવનાશીલતા છે, ખાસ કરીને કવિ કારકિર્દીના પ્રારંભમાં લખાયેલાં "આરોહણ" તથા "ખેતી" માં ભાવનાશીલતાનું પ્રાધાન્ય વરતાય છે. પરંતુ પાછળથી, ભારત વિશેના એમના દ્રષ્ટિબિંદુમાં ઇતિહાસકારની તટસ્થ નિર્લેપ અભ્યાસશીલતા તરફનો ઝોક ક્રમશ: વધતો દેખાય છે. ઠાકોરે દેશની કેટલીક મર્યાદાઓ દર્શાવી છે એમાં કશું અજુગતું નથી. દેશપ્રીતિમાંથી જન્મેલું એ દોષદર્શન ગુણ વિશેની સમજણને સ્પષ્ટ કરવામાં મદદરૂપ થાય એવું છે. એમ તો ન્હાનાલાલ પણ દેશની મર્યાદાઓથી અજ્ઞાત નહોતા. પરંતુ દોષો તરફની ન્હાનાલાલની દ્રષ્ટિ જુદી હતી:

"અઘરા છે જાણવા પોતાના અવગુણ
અહીં અને બધેય તે,
...પણ એથીયે અઘરૂં છે, દીકરીઓ!
પોતાના સાચા ગુણ જાણવા તે." :"ઇન્દુકુમાર"-૧, પૃ.૯૮:

ન્હાનાલાલના ભારત વિશેના દ્રષ્ટિબિંદુમાં મધુર ગુણગ્રાહકતા તથા ભાવના-પરસ્તી સવિશેષ જણાય છે. ઠાકોરનો ભારત વિશેનો દ્રષ્ટિકોણ ન્હાનાલાલ કરતાં પ્રમાણમાં વિશેષ હકીકતનિષ્ઠ લાગે છે. આ એક માનસભેદનો પણ પ્રશ્ન ગણાય.

છપ્પનિયા દુષ્કાળ વખતે ઠાકોરે લખેલા "ખેતી" કાવ્યની વિચારણા આજે પણ વાસી નથી લાગતી. ખેતીને ભારતીય પ્રજાજીવનના કેન્દ્રમાં જો રાખવામાં આવે, "જ્ઞાનવિજ્ઞાન અને યાંત્રિક તેમ કલામય ઉદ્યોગો" ને જો વિકસાવવામાં આવે તો ભરતખંડમાં સમૃધ્ધિનો નવીન યુગ પ્રવર્તી શકે એમ છે, એ વિચાર તથા જરૂરી વસ્તુઓનું ઉત્પાદન બને તેટલું વધારવાની ઠાકોરની "આગ્રહી હિમાયત" આજે પણ "સમયોચિત" લાગે છે. "ખેતી"નું નીચેનું ચિત્ર તો જાણે સ્વતંત્ર ભારતને અનુલક્ષીને કવિએ ન પાડયું હોય, એટલું તાજું છે:

"વનો વસાવો, ખેડો ખેતર, રચો વાડિયો, પશુ પાળો,
ખાતર બીજ ૠતુ ચારા ધરતીના ભેદ પુરા-વ્હાળો.
નદિયો સાંધો, કૂપો ગાળો, સમુદ્રવારિ મિષ્ટ કરો,
જલમાં સ્થલ, સ્થલમાં જલ આણો, કુદરત નાથી મિત્ર કરો.
નીકો ખોદો બંધો બાંધો, આગ વીજ ને રસાયનો,
ખનીજ સૃષ્ટિ વળી વાયુચક્રને અધીન કરી ખપમાં આણો."
:પૃ. ૧૪૧-૪૨:

ઠાકોરની ઈંગ્લીશ સલ્તનત તરફની દૃષ્ટિમાં સમયે સમયે આવેલાં પરિવર્તનો નોંધવા રસપ્રદ થઇ પડે એમ છે. એ પરિવર્તનોની ઠાકોરે જ નિખાલસ કબૂલાતો કરેલી છે. "ખેતી"માં ભારતવાસીઓને ઠાકોરે કહેલું હતું:

"અને વળી નાકાંઓ ઘેરી જોન બુલ્લા ઊભો હરિરાજ,
ફિકર ત્હમારે રાજકાજ ને શસ્ત્રઅસ્ત્રની શી છે આજ!" :પૃ. ૧૩૯:

"આપણે વિજિત પ્રજા, વિજેતાના તાબેદાર, આપણને વળી રાજકાજ શાં?" એમ ઠાકોર ૧૯૦૦માં માનતા હતા. ભયંકર દુષ્કાળના વર્ષમાં ઠાકોરનું સવિશેષ ધ્યાન ખેતી તરફ જાય અને "રાજકાજ" જેવાં જીવનનાં અન્ય પાસાંઓની અપેક્ષાએ ખેતીને જ પ્રજાજીવનના કેન્દ્રમાં ગોઠવવા માટે એ મથે તે સ્વાભાવિક છે. પરંતુ પાછળથી ઠાકોરે એ વિચારો બદલ્યા હતા. બીજા વિશ્વયુધ્ધ સમયે જાપાનના આક્રમણ સામે હિન્દ પોતે જ પોતાનું રક્ષણ કરી શકે એમ છે, એવી હિન્દની "નબળી રોગી" જણાતી પ્રજામાં કવિને શ્રધ્ધા જાગી હતી અને "રાજકાજ" પણ ત્યારે એમને બહુ દૂર નહોતાં દેખાયાં.

રાજકરણમાં પંડિતયુગના મોડરેટનું માનસ ધરાવનાર ઠાકોરે ૧૯૦૫ માં "પ્રિન્સ ઓફ વેલ્સને આવકાર" આપતાં કહેલું:

"આવો ભવિષ્યનૃપ, હિંદતટે પધારો,
આ ભાવસ્નિગ્ધ જનતા-ઉર-તપ્ત મ્હાલો." :પૃ. ૨૫૭:

ઉપર્યુક્ત કાવ્ય વિશે ઠાકોરે નોંધેલું: "...અમારી યોગ્યતાઓ

ખીલતી આવે અને રાજ્યની સહાનુભૂતિથી અમને હકક અને ખીલતી આવતી સ્વતંત્રતા મળતી જાય એવા બનાવ બનો..." [૧૭] બ્રિટનની શુભનિષ્ઠામાં આવી શ્રધ્ધા ઠાકોરે લાંબા સમય સુધી ધરાવી હતી. ગાંધીજીની સત્યાગ્રહની લડતો દરમિયાન પણ એ માનતા હતા કે બ્રિટિશ સામ્રાજ્યમાં જ હિન્દને ડુમીનીઅન સ્ટેટસનું પદ મળે તો તેમાં એની પૂરેપૂરી આઝાદી સમાઇ જાય છે. વળી, હિંદને એ પદ ઉપર બ્રિટન "સ્વયમેવ અભિષિકત કરશે જ કરશે," [૧૮] એવી એમને દૃઢ શ્રધ્ધા હતી. ફિરોઝશાહ, ગોખલે, જેવા એક કાળના મહાપુરૂષોની આ શ્રધ્ધા હતી. એ મહાપુરૂષોના મવાળ પક્ષે હિન્દની સેવા નથી કરી એમ નહિ, પરંતુ એમ લાગે છે કે હિન્દની આઝાદી વિશે પ્રો. ઠાકોર જેવા મવાળવાદીઓની દૃષ્ટિ આજની હતી, આવતી કાલની નહોતી. છેક બીજા વિશ્વયુધ્ધના અંત પછી ઠાકોર માનતા થયા હતા કે "હિંદે સંપૂર્ણ આઝાદીને જ પોતાનું નિશાન બનાવવું ઘટે." [૧૯] આમ છતાં, ભારતીય આઝાદીના આગમનટાણા સુધી ઠાકોર એમ તો માનતા જ હતા કે "ઇંગ્લાંદથી હિંદને મોટામોટા લાભ થયા છે એ ઐતિહાસિક હકીકત છે અને તેનો ઇન્કાર કરવામાં નથી ન્યાય, નથી સત્ય..."[૨૦] ઠાકોરની આ વાત સાચી છે. પરંતુ એ સાથે જ, હિન્દના આર્થિક તથા રાજકીય પારતંત્ર્ય દરમિયાન હિન્દનું બ્રિટને શોષણ કર્યું હતું, રાષ્ટ્ર તરીકેના એના વિકાસને અનેકધા રૂંધ્યો હતા, વળી "The suppression of the yearning to be free always poisons the well-springs of the body politic." [21]

તે હકીકતો પ્રત્યે ઠાકોર ધ્યાન દોરી શકયા નથી, એ બ્રિટિશશાસન પ્રત્યેની એમની પક્ષપાતભરી દૃષ્ટિ સૂચવે છે. "વિજિતપ્રજાને વળી રાજકાજ શાં?" એ બિંદુએથી આરંભાયેલી તથા સંપૂર્ણ આઝાદી પ્રાપ્તિના ધ્યેય સુધી અંતે પહોંચેલી ઠાકોરની રાજકીય વિચારસરણિ અભ્યાસની રસિક સામગ્રી પૂરી પાડે એમ છે.

ઠાકોરના અભિપ્રાયોમાં વખતોવખત થયેલાં પરિવર્તનોનું એક બીજું ઉદાહરણ એમના "મૈયાની સેવા" :૧૯૦૯: કાવ્યમાં મળે છે. ભારતના

"ક્ષાત્રશૌર્યયુગ" તો વીતી ગયા, એમ કહીને ભારતના મુક્તિ સંગ્રામમાં ઝંપલાવનાર યુવકોનાં સાહસકર્મોને ઠાકોરે એમાં "આંધળિયાં" તરીકે ઓળખાવેલાં. એમના મતે, "અવિચારે યાહોમ કરવું તે નથી ખરો સુધારો, કે નથી ખરી દેશસેવા." [22] અમદાવાદના કેટલાક યુવાનો :પ્રો. સ્વામીનારાયણ, શ્રી. હરિપ્રસાદ દેસાઇ, ઇ.:ની ઉદ્દામવાદી વિચારસરણિ માત્રથી ચિંતિત થઇને ઠાકોરે "મૈયાની સેવા"માં લખેલું:

"છે જગ સૌ મરદને પ્રિય સર્વકાલ,
ને છે અસહ્ય જનની-દુ:ખની જ ઝાળ
રે બન્ધુઓ તદપિ યૌવનમાં તણાઇ,
ના ઉલટો, તૂટી પડો નહિ, ધીર ધારો.":પૃ. ૨૫૩: +

ક્ષાત્રશૌર્યયુગો ભલે ગયા, પણ એ યુગોમાં દાખવેલા શૌર્યત્વનું નવઆવિષ્કરણ શક્ય છે અને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ જેવા મહાન ધ્યેયને હાંસલ કરવા માટે અર્વાચીનકાળમાં એ આવશ્યક પણ છે તથા કેસરિયાં :ઠાકોરને મન "આંધળિયાં"?: કરનાર વીર નરો જ આઝાદીને ઢૂંકડી લાવી શકે એવું કદાચ સમજાતાં, "ધીરે ધીરે સુધારાનો સાર" ના દલપતશાઇ બોધની નવી આવૃત્તિસમા ઉપર્યુક્ત કાવ્યના વિચારને પાછળથી ખુદ ઠાકોરે જ "એકદેશીય અર્ધસત્ય" તરીકે ઓળખાવેલો હતો. વળી, એમણે કબૂલ્યું હતું કે પોતાને અનુકૂળ નહીં એવી પ્રવૃત્તિને સૌ "આંધળિયાં" વા બીજી ગાળ દઇ શકે. [23] આને ઠાકોરની વિચારસૃષ્ટિની પરિવર્તનશીલતા તથા વિકાસશીલતાનું એક ચિહ્ન ગણી શકાય. ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિ સાથે ઠાકોરને મતભેદો હતા પણ તેથી એમની કવિતા પ્રજા તરફની વિશાળ સહાનુભૂતિમાં ઊણી નથી પડતી :જુવો, દુષ્કાળ, ખેતી ઇ. કાવ્યો:, તેની સ્પષ્ટતા અહીં કરી લેવી જોઇએ. ઠાકોરની જીવનદૃષ્ટિમાં જનકલ્યાણવૃત્તિનું પ્રાબલ્ય વરતાઇ આવે એવું છે.

રાજ્યપ્રકરણ ક્ષેત્રમાં હું પૂજ્ય ગાંધીજીનો અનુયાયી નથી, એમ ઠાકોરે કહ્યું છે. [24] ગાંધીજીના જૈનસૂત્ર "અહિંસા પરમો ધર્મ"માં એમને શ્રધ્ધા નહોતી.

---

+ આની સાથે, કેસરિયાં કરવાનાં ન્હાનાલાલનાં ઉદબોધનોને વિરોધાવો: "કેસરિયાં, વીર! કેસરિયાં હો!": "રાજ."પૃ. ૬૫: તથા "જય! કેસરવીર રણધીર રમે" :એ જ, પૃ. ૬૬:

"વ્હને પવન" કાવ્યમાં અપ્રાસંગિક અહિંસા સામેની ઠાકોરની નાપસંદગી વ્યકત થયેલી છે. પ્રજા "મર્દજંગમદ" માણવા તત્પર થઇ હોય ત્યાં "અહિંસા બંધુરતિધર્મ"નું બેસૂરું ગાન કરવામાં આવે એ પ્રત્યે ઠાકોરે અણગમો વ્યકત કર્યો છે. "ધર્મપાલન: એક પત્ર: એ કાવ્યમાં કવિ લખે છે: "અહિંસા પણ થાય હિંસા ઘોરન્તર." + (: "ભણકાર" ૧૯૫૧ પૃ. ૪૧:) "હિંસા-અહિંસા" કાવ્યના વિવરણમાં ઠાકોરે સ્પષ્ટ કર્યું છે કે "ગાંધીજીની લડત... સુધરેલા રાજ્યતંત્ર સામે હતી તો જ પગભર થઇ શકી અને પ્રવર્તી."[૨૫] નાઝી, સોવિયેટ રશિયા કે આપખુદ રાજ્યતંત્રમાં નાગરિકો આવી અહિંસક લડત ચલાવી જ ના શકે તે ઠાકોરનો મત સાચો છે. પોર્ચુગલના કબજા હેઠળના દીવ દમણ અને ગોવાને મુકત કરવામાં અહિંસક લડત નાકામિયાબ નીવડી હતી તેનું ઉદાહરણ આપણી પાસે મોજૂદ પણ છે.

ઠાકોરની સ્વદેશહિતભાવનાની બે પ્રસિધ્ધ કૃતિઓ તે "યુગમુબારક" અને "માજીનું સ્તોત્ર" છે. ભારતીય પુનર્જાગૃતિ વિશેના કવિના સાત્ત્વિક ઉલ્લાસથી "યુગમુબારક" કાવ્ય સોહે છે. ભારતની રજની વીતી ગઇ, એનો વિષાદકાળ ગયો; હવે તો ભારતના યૌવન અને કીર્તિકાળનો નવયુગ આવી ચૂકયો, એવી કવિપ્રતીતિનો મધુર અનુભવ એ કાવ્ય કરાવે છે:

"દિન પલટ્યો પલટી ઘડી પલટી હત્થ કમાન,
ધડપણ જઇ જોબન ચડે રંગે રંગે મસ્તાન,
ઝડપતું જોબન કાર્યે મહાન." : પૃ. ૧૪૩:

"માજીનું સ્તોત્ર" ભારતનું ભૌગોલિક ચિત્ર આલેખે છે. એ આલેખનની સાથે જ કવિએ ભારતના ઐતિહાસિક ચિત્રની ભાત ઉપસાવી આપી છે. "માજીનું સ્તોત્ર" માં ભારતના ત્રણ મહાન રાજ્યકર્તાઓનાં નામો કવિએ આપ્યાં છે: "અશોક અકબર વિજયારાણી" : પૃ. ૨૧૩:. "માજીનું સ્તોત્ર" માં, સુંદરમે નોંધ્યું છે એમ, "પંકિતએ પંકિતએ આપણે હરણની ફાળે જોજન અને વર્ષો કૂદતા જઇએ છીએ. માતાનું મનોરમ પ્રકૃતિસ્વરૂપ અને તેની યુગપ્રવર્તક વિભૂતિઓ નિહાળીએ છીએ."[૨૬] ઉપરનાં બન્ને કાવ્યો સાથે "અસલનેરનાં નૂર" યાદ કરવા જેવું છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિની સાત્ત્વિકતા તથા પ્રજાસમન્વય

---

+ સરખાવો: "અહિંસાને નામે હિંસા થશે", "કુરુક્ષેત્ર", શરશય્યા: ૧૯૨૯: પૃ. ૩૨

કરવાની એની શક્તિનું ("બને જ્યાં એકનાડી મનુકુલ") ઠાકોરે ગૌરવગાન ગાયું છે:

"મનુનો મધપૂડો પ્રાચીન,
સનાતન સાત્વિક ધૂને લીન
અમારાં અસલનેરનાં નૂર." :"ભણકાર"૧૯૫૧, પૃ. ૩૨:

ઠાકોરનાં રાષ્ટ્રીય અસ્મિતાનાં કાવ્યોમા એના સર્જકની અભિજાત દ્રષ્ટિની ઉદારતાનો વાચકને પરિચય મળે છે. રાષ્ટ્રપ્રીતિ કે દલિતપ્રીતિના વિષયમાં દ્વેષોત્થ દ્વેષનીગળતાં સાહિત્યકલા સર્જનોને નિભાવી લેવાની ઠાકોરની તૈયારી નહોતી જ. "દ્વેષોત્થ દ્વેષનીગળતાં દ્વેષ ફેલાવવાની ઉમેદવાળાં સાહિત્યકલા સર્જનોથી કઇ રીતે રીઝવું? એવી રચનાઓના વખાણ ફેલાવને.. સૌંદર્યસેવા અને દેશસેવા શી રીતે માનવાં?" [૨૭] સદ્ભાગ્યે, ગુજરાતી કવિતામાં દ્વેષનીગળતાં સર્જનો ભાગ્યે જ થયાં છે અને જ્યાં અલ્પ પ્રમાણમાં થયાં છે – ખાસ કરીને દલિતપ્રીતિના વિષયમાં– ત્યાં એવાં સર્જનોની મર્યાદા તરત જ પરખવામાં આવી છે.

બીજા વિશ્વયુધ્ધ સમયે ઠાકોર ભારતની આઝાદી વિશે જેટલા ચિંતાતુર નહોતા રહ્યા તેટલા વિશ્વની "મહા આઝાદી" વિશે ચિંતાતુર રહ્યા હતા. બીજા વિશ્વયુધ્ધ સમયે હોડમાં મૂકાયેલી જગતસંસ્કૃતિ વિશે એમણે ચિંતાનો ભાવ સેવ્યો હતો. શ્રી.ઉમાશંકરે એ વિશે નોંધ્યું છે:"... માનવજાતિના સંસ્કારી અસ્તિત્વ માટે અનિવાર્ય એવા સ્વાતંત્ર્ય માટેની એમની તાલાવેલી સહૃદય અને પ્રેરક લાગ્યા વિના નહિ રહે." [૨૮] ઠાકોરની દ્રષ્ટિ દેશની સીમાઓમાં જ પરિબધ્ધ નહોતી રહી. ૧૯૪૧માં આપેલા એક પ્રવચનમાં ઠાકોરે કહ્યું હતું: " આ નવો આખા મનુકુલના ઐક્યનો યુગ બેસી ચૂક્યો છે. આપણે પણ ગુજરાતી કે હિંદવી કે એશિયાનિવાસીમાંથી ખીલીને દુન્યવી મનુકુલ વ્યક્તિ બની શકિયે.. સમભાવ અને મૈત્રીરૂપ પ્રેમ-વિકાસે જ જીવન: ભિન્નભાવ અને સૂગ રૂપ દ્વેષ ઘૂંટયા કર્યે તો નિધન.." [૨૯] પંડિતયુગના ન્હાનાલાલ તથા ઠાકોરનાં સર્જનોમાં આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિ તરફનો ઝોક વરતાયા વિના રહેતો નથી. વીસમી સદીમાં આપણી રાષ્ટ્રીય અસ્મિતા ઊગી વિકસી તથા દૃઢ બની, પણ અંતે તો આંતરરાષ્ટ્રીય ભાવમાં પોતાને ઓગાળી નાખવામાં એણે સાર્થકતા અનુભવેલી જણાય છે.

પોતાને "આર્મચેર પોલીટીશીઅન" તરીકે ઓળખાવનાર ઠાકોરે હિંદની આવેલી આઝાદીને વધાવી છે. "આઝાદી દિન: સૌ રૂડું જેનો અંત રૂડો." જોકે, આઝાદી સમયે નિર્વાસિતોની થયેલી નાસભાગ ખૂનામરકી તથા સંસ્કૃતિધ્વંશ માટે એમણે વેદના(:"ખાખ સંપત્તિ! રાખ સંસ્કૃતિ!":)અનુભવી છે. ગુજરાતી ભાષા જેમાં વિરલ સામર્થ્યપૂર્વક પ્રયોજાઇ છે તેવા એક કાવ્ય "જોગિંદર હે!" (:ભારત! પૂજ્ય પિતર!! જોગિંદર! પુમાન પ્રૌઢ પુરાના!":)-માં ઠાકોરની એ વેદનાની સબળ અભિવ્યક્તિ થયેલી છે. :"ભણકાર", ૧૯૫૧, પૃ. ૩૩:

ભારતને આઝાદી પ્રાપ્ત થઇ એમાં જગત સંજોગોએ ભાગ ભજવ્યો છે એવી ઠાકોરની માન્યતા છે. બીજા વિશ્વયુધ્ધમાં મિત્રરાજ્યોનો વિજય તો થયો, પણ ઈંગ્લાંડ-ફ્રાંસ જેવાં રાષ્ટ્રો ખોખરા અને "અધમૂવાં" થઇને બહાર આવ્યાં. આ અપૂર્વ સંજોગોમાં હિંદ લંકા બર્મા વ. રાષ્ટ્રોને પરિસ્થિતિની ભીંસને કારણે આઝાદી આપવાની ઇંગ્લાંડને ફરજ પડી એમ ઠાકોરે કેટલાક રાજનીતિજ્ઞોની જેમ માન્યું છે.[30] "આઝાદીતિથિની આશાઅભિલાષાઓ" ઠાકોરે વ્યક્ત કરી છે. આગળ નોંધ્યું છે એમ, આઝાદીને એમણે સત્કારી પણ છે, પરંતુ આશંકાઓ સાથે. ભારત નવસ્વાધીનતા ટકાવી રાખશે કે એને ખોઇ નાખીને આગળથીયે બદતર ગુલામીમાં પડી જશે, એ ઠાકોરની ચિંતાનો વિષય છે. ઠાકોરના જીવનભરના મોડરેટ માનસ સાથે આ આશંકાઓ, અલબત્ત સુસંગત જ લાગે છે! "યુગપલટો" કાવ્યમાં એમણે પૂછ્યું છે:

"નવે યુગે નવી ઉપાધિ, ગૂંચકોચડા સૌ નવું,
જુવાન નરવંશના! યુગ પલાણી શકશો ન વા?" :"ભણકાર" ૧૯૫૧, પૃ. ૪૩:

ઠાકોર વિચારસ્વાતંત્ર્ય તથા દૃષ્ટિની મૌલિકતાના આગ્રહી છે. આ વિચારસ્વાતંત્ર્યને કારણે ગાંધીજીની અસહકારની લડતને એ બૌધ્ધિક સહકાર આપી શક્યા નહિ. સ્વબુધ્ધિનિષ્ઠ એટલા બધા કે સમૂહબુધ્ધિથી જુદા પડવામાં એ કૃતાર્થ થતા. આવી સ્વબુધ્ધિનિષ્ઠાએ તથા પોતાને સૂઝેલાં સત્યોને પ્રગટ કરવાની નિર્ભયતાએ એમને "ગાંડી ગુજરાત" કાવ્ય લખવા પ્રેર્યા હશે. લોકો પોતાને સંકુચિત પ્રાંતવાદી કહેશે એ વિશેની નફિકરાઇ પણ આ

સ્વબુધ્ધિનિષ્ઠામાંથી જન્મેલી છે. "ભણકાર" નાં રાષ્ટ્રીય અસ્મિતાનાં કાવ્યોની પીઠિકા તરીકે ગતાનુગતિકતાથી ઉફરા ચાલ્યાજવાના ઠાકોરના વલણને જોઇ શકાય.

<u>ન્હાનાલાલ તથા ઠાકોર</u>: વિભિન્ન પ્રતિભા ધરાવતા પંડિતયુગના આ બે કવિઓની રાષ્ટ્રીયઅસ્મિતાની કવિતામાં વિચારસરણિનું કેટલુંક સામ્ય નિહાળી શકાય છે. બંનેની દ્રષ્ટિ દેશની સીમાઓમાં પરિબધ્ધ નથી રહેતી. સમસ્ત માનવસંસ્કૃતિ વિશે બંને ચિંતિત રહે છે. જોકે, ઠાકોર કરતાં ન્હાનાલાલની આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિ ઠીક ઠીક વહેલી વિકસેલી અને સમસ્ત મનુકુલસંસ્કૃતિ વિશેનું કવિ ન્હાનાલાલનું દ્રષ્ટિફલક કવિ ઠાકોર કરતાં વધુ વિસ્તૃત પણ ખરૂં. અહીં માત્ર કક્ષાભેદ દર્શાવવાનું જ ઉદ્દિષ્ટ છે, પ્રકારભેદ નહિ. ન્હાનાલાલ તથા ઠાકોરને આર્યસંસ્કૃતિના ભૂતકાળનું સાત્વિક ગૌરવ છે. અહીં એમ ઉમેરી શકાય કે ન્હાનાલાલની આર્યાવર્ત વિશેની દ્રષ્ટિ લાગણીમંડિત વિશેષ જણાય છે, જ્યારે ઠાકોરની દ્રષ્ટિ, બુધ્ધિનિષ્ઠ વિશેષ. બન્નેની કવિતામાં ભૂતકાળનું ગૌરવ છે. પરંતુ વર્તમાનકાળની મર્યાદાઓને સંશોધીને ભૂતકાળના ગૌરવને પુન:સ્થાપિત કરવા માટે આકરો પુરુષાર્થ કરવાનું જે ઉદબોધન ઠાકોરમાં દેખાય છે, તે ન્હાનાલાલમાં નથી. બીજી બાજુથી, ન્હાનાલાલ પાસે ભારતની આઝાદી વિશેની તથા ભવિષ્યના જગતમાં ભારતે બજાવવાનાં કર્તવ્યો અંગે જે પારગામી દીર્ઘદ્રષ્ટિ છે, તે ઠાકોરમાં નથી. ભારતની આઝાદી વિશે ઠાકોરની દ્રષ્ટિ ભૂત તથા વર્તમાનને વળગવા મથતી દેખાય છે, જ્યારે ન્હાનાલાલની દ્રષ્ટિ સુદૂરના ભવિષ્યનાં ઊંચાં નિશાનોને તાકતી જણાય છે. ન્હાનાલાલની રાષ્ટ્રીય અસ્મિતાની કવિતામાં ક્રાન્તદ્રષ્ટિની હરણફાળ છે, ઠાકોરની એવી કવિતામાં હકીકત નિષ્ઠાને આધારે મંડાતાં ધીમાં ચોકકસ ડગ છે.

---

<u>સંદર્ભ તથા પાદનોંધ</u>

૧. "રજસૂત્રોની કાવ્યત્રિપુટિ અને રણગીતો" : ૩જી આ. ૧૯૪૧, પ્રસ્તાવના પૃ. ૬

૨. "ગુજરાતનું ઘડતર", પૃ. ૧૭૦, ર. વ. દેસાઇ.

3. "રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ અને રણગીતો" બીજી આવૃત્તિ :૧૯૨૨:-ની પ્રસ્તાવનામાંથી. ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાંથી આ તથા બારડોલીના "ભારતીય પ્રજાયજ્ઞ" અને ગાંધીજીએ આરંભેલા અદ્વિતીય અહિંસક સંગ્રામ વિશેના ઉલ્લેખો કવિએ ટાળ્યા છે – ગાંધીજીથી કવિ પાછલાના સમયમાં દૂર ગયા હતા એ કારણે, કદાચ.

૪. "અર્વાચીન કાવ્ય-સાહિત્યનાં વહેણો" પૃ. ૧૫૮

૫. એ જ, પૃ. ૧૫૭

૬. સ્વાતંત્ર્ય માટે લડતી પ્રજાને, ધર્મયુદ્ધમાં જ એ લડી રહી છે એવો અનુભવ સામાન્ય રીતે થતો હોય છે. હેરલ્ડ લાસ્કીએ યથાર્થ જ કહ્યું છે: "A nation fighting for its freedom has... a full sense that it is engaged in a holy ~~ss~~ adventure." Nationalism and the future of civilization." p. 34.

૭. અવતરણચિહ્નમાં મૂકાયેલા શબ્દો "કેટલાંક કાવ્યો"-૨ માંના "ગિરનારને ચરણે" કાવ્યના છે.

૮. "ગુજરાતનું ઘડતર" પૃ. ૧૭૧

૯. સ્થિર થઇ ગયેલાં આવાં દૃષ્ટિબિંદુઓનાં ન્હાનાલાલની જુદી જુદી કૃતિઓમાં પુનરાવર્તનો થયાં કરતાં હોય છે. "ઇન્દુકુમાર"-૩ :૧૯૩૨: માંથી એનું એક દૃષ્ટાંત લઇએ:

"પ્રજા નહિ, માનવપ્રજા,
રાજ્ય નહિ, માનવરાજ્ય,
યુગસંસ્કૃતિ નહિ, માનવસંસ્કૃતિ:
...સકલ માનવવંશનું કલ્યાણ
એ હોય માનવીની આભઉદાર ભાવના." :પૃ. ૫૯:

૧૦. "ગુજરાતનું ઘડતર" પૃ. ૧૭૧ તથા ૧૭૩

૧૧. જુઓ નં. ૬, પૃ. ૨૭

૧૨. "સાહિત્યવિચાર" પૃ. ૪૧૧

૧૩. કાવ્યપંક્તિઓની નીચે જ્યાં બીજી કોઇ આવૃત્તિનો નિર્દેશ સ્પષ્ટરીતે ન કર્યો હોય ત્યાં સર્વત્ર "ભણકાર"ની ૧૯૪૨ની આવૃત્તિના પૃષ્ઠાંકો સમજવા.

૧૪. "ભણકાર", ૧૯૫૧ : ઠાકોર લિખિત: "વિવરણ" પૃ. ૨૧

૧૫. "ભણકાર" કાવ્યગ્રંથ, ૧૯૪૨, પૃ. ૪૮

૧૬. જુઓ નં. ૧૪, પૃ. ૨૪

૧૭. "ભણકાર"કાવ્યગ્રંથ, ૧૯૧૭ : પ્ર. આ.: પૃ. ૧૫૩-૧૫૪

૧૮. "પચોતેરમે", પૃ. ૧૮૨

૧૯. એ જ પૃ. ૧૮૬

૨૦. એજ પૃ. ૧૮૬

૨૧. નં. ૬, પૃ. ૧૬

૨૨. નં. ૧૭, પૃ. ૧૫૨

૨૩. નં. ૧૫, પૃ. ૭૦

૨૪. નં. ૧૮, પૃ. ૧૮૬

૨૫. નં. ૧૪, પૃ. ૧૬

૨૬. "કૌમુદી" સામયિકનો ૧૯૩૫ ના ડિસેમ્બરનો અંક.

૨૭. "નવીન કવિતા વિશે વ્યાખ્યાનો" પૃ. ૫૪

૨૮. "મ્હારાં સોનેટ", ૧૯૫૩, પૃ. ૧૭

૨૯. નં. ૨૭, પૃ. ૨૧

૩૦. નં. ૧૪, પૃ. ૩૫.